


# એક આગવી સમજ




શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન - મુબઈ

શ્રી કચ્છી વિસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ

## શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન - મુબઈ
## શ્રી કચ્છી વિસા ઓસવાળ સ્થાનકવાસી જૈન મહાજન - મુંબઈ

: પરિસંવાદના વક્તાઓ :

CA જનક વાઘાણી

CA જયેશ ગોગરી

: પુસ્તિકાના સંકલનકારો :

CA ભરત ગોસર

CA નિતીન કેનીયા

આ પુસ્તિકા કરદાતાઓના સામાન્ય માર્ગદર્શન માટે સંપુર્ણ પ્રયત્ન અને કાળજીપુર્વક તૈયાર કરાઈ છે. છતાં વિશ્લેષણ, અર્થઘટન અથવા અનુવાદ કરવામાં કોઈ ક્ષતિ અથવા ભૂલ થઈ હોય તો સંસ્થા અથવા સંકલનકારની કોઈ જવાબદારી નથી. વધુ ચોખવટ માટે દરેક વાચકે પોતાના સલાહકારની સલાહ લેવી.

# ગુડઝ અને સર્વિસ ટેક્સ (G.S.T.) ની ઝલક

- વેટ, સર્વિસ ટેક્ષ, આબકારી જકાત વગરે કાયદાને થતી અલવિદા
- જુના કાયદાનું ઐતીહાસીક ગુડસ અને સર્વિસ ટેક્ષના કાયદામાં રૂપાંતર
- ૫%, ૧૨%, ૧૮%, ૨૮%, ૪0% ના દરો
- ૫૦ લાખથી ઓછું ટર્નઓવ કરતા વેપારીઓ માટે (Composition) યોજના
- Composition માટે ૧%, ૨%, ૫%, ના દરો
- રૂા. ૨૦૦ થી ઓછી રકમની માલ/સેવા ના સપ્લાય ઉપર બીલ બનાવવામાં રાહત
- રૂા. ૧.૫૦ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા વ્યક્તિને બીલમાં પ્રથમ વર્ષ માટે HSN Code લખવામાં રાહત
- દરેક તબક્કે ટેક્ષ ઈન્વોઈસની આવશ્યકતા
- રૂા. ૫૦,૦૦૦ થી ઉપરની સપ્લાય ઉપર E-way બીલની આવશ્યકતા
- જુના કાયદામાંથી આગળ ખેચેંલા રીફંડને નવા GST કાયદા હેઠળ જમા આપવાની સવલત
- GST હેઠળની વ્યક્તિને સ્ટાર રેટીંગ આપવાની દરખાસ્ત
- વેચાણ ઉત્પાદન કે સેવા ઉપર કરની જગ્યાએ વ્યાપ વધારી સપ્લાય ઉપર કર
- બ્રાન્ચ ને કે એજન્ટને આપવામાં આવતા માલ/સેવા ઉપર લાગુ પડશે GST
- આઉટવર્ડ સપ્લાય, ઈનવર્ડ સપ્લાય અને રીટર્ન એમ ત્રણ અલગ પત્રક ભરવાની યોજના

# GST એક આગવી સમજ

- નંબર લેનાર વ્યક્તિને ભરવા પડશે ઓછામાં ઓછા ૩૭ પત્રક
- પત્રક મોડા ભરાતા પ્રતિદિન રૂા.૧૦૦ લેખે લેટ ફી
- સપ્લાયર GST ન ભરતા, માલ/સવા લેનારને ITC નકારાશે.
- રૂા. એક કરોડથી વધારેની સપ્લાય વાળી વ્યક્તિને ઓડીટ ફરજીયાત
- રૂા. ૨૦ લાખથી ઓછી સપ્લાયવાળા નાની વ્યક્તિને GST નંબર લેવાથી મુક્તિ
- રજીસ્ટ્રેશન, રીટર્ન, આકારણી, અપીલ વગેરે પ્રત્યેક કામકાજ ઈલેકટ્રોનીક માધ્યમ દ્વારા
- જોબ વર્કરની જગ્યાએથી સીધા માલ વેચાણ કે નિકાસ કરવાની છૂટ
- નિકાશકારને ઝડપી રીફંડની સુવિધા
- સપ્લાયરનું સ્થાન અને સપ્લાયરની જગ્યા પરથી નક્કી થશે SGST, CGST લાગશે કે IGST
- બીલ ક્યારે બની જવું જોઈએ તેનો સવિસ્તાર ઉલ્લેખ
- GST નંબર વગરની વ્યક્તિ પાસેથી માલ/સેવા લેનારને ભરવો પડશે GST
- અલગ અલગ રાજ્ય માટે અલગ અલગ નંબર
- મફતમાં અપાતા માલ/સેવા ઉપર પણ GST
- આયાતી માલ/સેવા ઉપર લાગશે IGST
- SGST અને CGST એકબીજા સામે મજરે આપવા નકાર
- દંડ અને સજાની કડક જોગવાઓ

# ગુડઝ અને સર્વિસ ટેક્સ (G.S.T.) ની સાદી સમજ

હાલમાં આપણા દેશમાં માલ અને સેવાઓ ઉપર કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર દ્વારા જુદા-જુદા પ્રકારના વેરાઓ લાદવામાં આવે છે. દા.ત. વેટ, એકસાઈઝ, સર્વિસ-ટેક્સ, મનોરંજન કર, એન્ટી ટેક્ષ, કેન્દ્રીય વેરો વગેરે.

ભારત સરકારે તાજેતરમાં એક ઐતિહાસિક નિર્ણય લઈને આ તમામ પ્રકારના વેરાઓને એક છત્ર હેઠળ આવરી લેવા માટે G.S.T. કાયદાને મંજૂરી આપતો ખરડો પસાર કરેલ છે.

તાજેતરમાં આ કાયદાની કલમો અને કાચા નિયમો બહાર પાડેલ છે. તેમજ અન્ય પ્રકારનાં લેખો દ્વારા દરેક પોતાની રીતે મુલવણી કરી સાદી સમજ આપવા પ્રયત્ન કરેલ છે, જેથી ખાતાના અધિકારીશ્રીઓ / કર્મચારીઓ અને સામાન્ય નાગરિકને ખબર પડે કે G.S.T. એટલે શું ? આ કાયદામાં કેવા પ્રકારની જોગવાઈઓ હશે ? વેરો કોણ અને કયા તબક્કે ભરાશે ? આકારણી, વેરા, દંડ, રીટર્ન કેવા પ્રકારના હશે. ? આ બધી બાબતે આપણે સમજવા પ્રયત્ન કરીએ.

## (૧) જી.એસ.ટી. (G.S.T.) ની સામાન્ય વિશેષતાઓ :

- આ વેરો ઉત્પાદન તથા વેચાણ / સર્વિસના દરેક તબક્કે લાગશે.
- સામાન્ય રીતે આ ટેક્સ બે ભાગમાં હશે.

(૧) CGST = કેન્દ્ર સરકાર હેઠળ આવશે.

(૨) SGST = રાજ્ય સરકાર હેઠળ આવશે.

➢ આ બન્ને GST તમામ પ્રકારના કરપાત્ર માલ તથા સેવાઓ પર લાગુ પડશે.
➢ રાજ્યની અંદર જો માલ આપતા હોય અથવા સેવા આપવામાં આવી હોય તો તેના પર SGST and CGST બંને સમાન દરે લાગશે.

(૩) IGST (Integrated GST)

➢ સામાન્ય રીતે માલ તથા સેવાના આંતર રાજ્ય હેરફેર પર આ ટેક્સ લાગશે.

➢ જો માલ કે સેવાનો સપ્લાય આંતરરાજ્ય એટલે કે એક રાજ્યમાંથી અન્ય રાજ્યમાં કરવામાં આવે તો એના પર ઈન્ટિગ્રેટેડ GST (IGST) વસૂલ કરવામાં આવશે.

➢ IGST નો દર CGST અને SGSTના કુલ દર બરાબર હશે.

➢ GSTના આ દ્વિસ્તરીય કરમાળખાનો અમલ ત્રણ વિભિન્ન કાયદા થકી કરવામાં આવશે. (૧) CGST એક્ટ, ૨૦૧૭, (૨) SGST કે UGST એક્ટ, ૨૦૧૭ અને (૩) IGST એક્ટ, ૨૦૧૭.

## (૨) GST માળખામાં નીચે મુજબની માલ/સેવાઓ બાકાત રહેશે :

- GST થી કરમુક્ત માલ તથા સેવાઓની યાદીમાં જેનો સમાવેશ કરવામાં આવેલ હોય તે માલ અને સેવાઓ

- GST માં જેનો સમાવેશ કરવામાં ન આવેલ હોય તેવા તમામ પ્રકારના માલ/સેવાઓ
- જે વ્યક્તિની આવક/વકરો (ટર્નઓવર) કાયદામાં નિયત કરેલ તેવી મર્યાદા કરતા ઓછું હોય તેવી સેવા/માલ

(૩) **GST ના અપેક્ષિત દરો :**

(૧) જીવન જરૂરિયતની વસ્તુઓ ઉપર - કર માફી અથવા ૫%

(૨) સામાન્ય ચીજ વસ્તુઓ ઉપર - ૧૨%

(૩) અન્ય વસ્તુઓ ઉપર - ૧૮%

(૪) લક્ઝરી માલ ઉપર - ૨૮%

(૫) અમૂક ખાસ વસ્તુઓ / નિકાસ, SEZ ને સપ્લાય - 0%

(૪) **GST ના ક્ષેત્રની બહારની વસ્તુઓ (વેરાઓ):**
પેટ્રોલીયમ પેદાશો, તમાકુ અને તમાકુની બનાવટો, તથા દારૂ - હાલના તબક્કે GSTથી બહાર રહેશે અને કેન્દ્ર સરકાર નક્કી કરશે તે મુજબ કેન્દ્ર/રાજ્ય સરકાર આ વસ્તુઓ/સેવાઓ ઉપર વેરો ઉઘરાવશે. આવા માલ/સેવાઓ ઉપર વેરો ઉઘરાવવાની સત્તા રાજ્ય સરકારની રહેશે.

(૫) **GST વેરો કોને લાગુ નહી પડે :**
સામાન્ય રીતે જે વ્યક્તિનું વાર્ષિક સપ્લાયનું ટર્નઓવર (માલ/સેવાનું) ૨૦ લાખથી ઓછું હશે, તેને લાગુ પડશે નહીં.

(૬) **GSTના ત્રણ પ્રકાર માટે :**

➢ GST ના કાયદાના ત્રણ પ્રકારો રહેશે જે આપણે આગળ જોયુ :
SGST CGST IGST

**Intrastate Supply of Goods & Services માટે :**

- **SGST (રાજ્ય સરકારનો વેરો)-**

  SGST માં હાલના તબક્કે વેટ, મનોરંજન વેરો, લકઝરી ટેક્ષ, લોટરી, બેટીંગ, ગેમ્બલીંગ પરનો વેરો, રાજ્યોના લગતા સેસ અને સરચાર્જ તેમેજ એન્ટ્રી ટેક્ષને આ કાયદામાં મર્જ કરીને ''રાજ્ય ગુડઝ એન્ડ સર્વીસ ટેક્ષ'' એમ નામ આપવામાં આવેલ છે.

  આ કાયદા હેઠળ જે વેરાનો દર નક્કી થાય તે રાજ્ય દ્વારા લેવાશે અને તે વેરો રાજ્યનો ગણાશે.

- **CGST**

  એટલે કે કેન્દ્ર સરકારને મળવાપાત્ર વેરો આ CGST માં એકસાઈઝ ડ્યુટી, વધારાની

એક્સાઈઝ ડ્યુટી તથા અન્ય કાયદા હેઠળ લાગતી એકસાઈઝ ડ્યુટી (મેડીસીનલ અને ટોયલેટરીઝ પ્રમોશન એક્ટ), સર્વિસટેક્ષ, વધારાની કસ્ટમ ડ્યુટી, સ્પેશ્યલ એડીશનલ ડ્યુટી ઓફ કસ્ટમ્સ, સેસ અને સરચાર્જનો સમાવેશ આ કાયદામાં કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ કાયદાને આ કાયદામાં ભેળવીને હવે CGST લાગશે અને આ CGST કેન્દ્ર સરકાર ઉઘરાવશે એટલે કે આ વેરો કેન્દ્ર દ્વારા લેવામા / આવકારવામાં આવશે. જે અગાઉ ઉપર મુજબ અલગ અલગ રીતે કેન્દ્ર દ્વારા ઉઘરાવવામાં આવતો હતો.

- **IGST વેરો :**

  IGST માલ અને સેવાઓના આંતર રાજ્ય વ્યવહારો ઉપર લાગુ પડશે. એટલે કે જે માલ/અને સેવાઓના રાજ્ય બહાર સપ્લાય કે સેવાઓ કરવામાં આવશે તેના ઉપર વેરો લેવામાં આવશે અને આથી આ વેરો કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે જે અગાઉ કેન્દ્રીય વેરો એટલે કે આંતરરાજ્ય વેચાણ ઉપર સી-ફોર્મ સામે કે સી ફોર્મ વગર જે વેચાણ થતું હતું તે પ્રકારનો આ વેરો છે અને હવે આમાં આંતર રાજ્ય સેવાઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

**(૭) સામાન્ય માળખું :**

(૧) રાજ્યની અંદર માલ અથવા સેવાના સપ્લાય પર : Intra State Suply - સેન્ટ્રલ GST (CGST) અને રાજ્ય GST (SGST) બન્ને લાગુ પડશે.

(૨) આંતરરાજ્ય માલ અથવા સેવાના સપ્લાય પર : Inter State Suply - ઈન્ટિગ્રેટેડ GST (IGST) લાગુ પડશે.

(૩) આયાત ઉપર : IGST લાગશે.

(૪) નિકાસ - જીરો રેટેડ ટેક્ષ

જો કે અમુક મૂળભૂત બાબતો જેવી કે કરપાત્ર ઘટના, માલ કે સેવાનું વર્ગીકરણ, કરપાત્ર સપ્લાયની મૂલ્ય આકારણી વગેરે સંબંધી જોગવાઈઓ ત્રણેય કાયદાઓમાં એકસમાન રહેશે.

(૫) અમુક ખાસ પ્રકારની સેવાઓ અથવા માલ પર, સેવા અથવા માલ સપ્લાય કરનારને બદલે સેવા / માલ લેનારને GST ભરવું પડશે.

(૬) GST નંબર વગરની વ્યક્તિ પાસેથી માલ કે સેવા લેનારે પણ GST ભરવું પડશે.

**(૮) સપ્લાયનો અર્થ અને વિસ્તાર (સ્કોપ) :**

નવા GSTના કાયદા હેઠળ ''સપ્લાય'' ઉપર ટેક્ષ લાગશે.

''સપ્લાય'' ની વ્યાખ્યા હેઠળ માલના વેચાણ અને સેવા પર ટેક્ષ ઉપરાંત ઘણી વસ્તુઓ અને પ્રવૃત્તિઓ પર ટેક્ષ લાગશે જેવી કે

(૧) મફતમાં માલ આપો અથવા સેવા આપો.

(૨) બ્રાંચ અથવા એજન્ટને માલ મોકલાવો.

(૩) બાર્ટર સીસ્ટમ હેઠળ માલની અદલાબદલી કરવી.

(૪) ભાડાની આવક.

(૫) માલના નિકાલ પર.

(૬) ફ્રી સેમ્પલ પર.

(૭) માલની આયાત અથવા વિદેશથી સેવા લીધી હોય.

(૮) ધંધાની કોઈપણ મિલકતનો અંગત વપરાશ કર્યો હોય.

(૯) જોબ વર્કરને જોબવર્ક માટે માલ મોકલ્યો હોય તો તેના પર.

(૧૦) કલબ અથવા એશોશીએશન તેના મેમ્બરો કે નોન મેમ્બરોને માલ અથવા સેવા પૂરી પાડે તો તે પણ સપ્લાય ગણાશે.

(૧૧) નોંધણી નંબર રદ થઈ ગયા પછી સ્ટોકમાં રહી ગયેલ માલ પણ વેરો ભરવાને પાત્ર રહેશે.

**(૯) માલ/સેવા સપ્લાય કર્યાનો સમય ક્યારે ગણવામાં આવશે.**

| | |
|---|---|
| (A) સામાન્ય સપ્લાય (નોર્મલ):- | નીચેના પૈકી સૌથી પહેલા જે થાય તેને સપ્લાય કર્યાનો સમય ગણવામાં આવશે :<br>●માલના રીમુવલ કર્યાની / સેવા આપ્યાની તારીખ<br>અથવા<br>●સેવા લેનાર વ્યક્તિને કઈ તારીખે સેવા મળી<br>અથવા<br>●બીલની તારીખ અથવા પેમેન્ટ મળ્યાની તારીખ<br>અથવા<br>●માલ લેનારના ચોપડામાં જે તારીખે એન્ટ્રી પાડેલ હોય તે. |
| (B) અવિરત સપ્લાય | ●બીલ/સ્ટેટમેન્ટની તારીખ અથવા પેમેન્ટ મળ્યાની તારીખ અથવા પેમેન્ટ જે તારીખે મળવાનું હતું તે તારીખ |
| (C) રીવર્સ ચાર્જ (સર્વિસ અથવા માલ લેનારને ભરવો પડતો ટેક્ષ) | ● માલ મળ્યાની તારીખ<br>અથવા<br>● પેમેન્ટ આપ્યાની તારીખ<br>અથવા<br>● બીલની તારીખથી ૩૧મો દિવસ<br>અથવા<br>● હિસાબી ચોપડામાં એન્ટ્રી પાડયાની તારીખ |

| | |
|---|---|
| (D) માલ માટે (એપ્રુવલ માટે) મોકલેલ હોય ત્યારે | ● માલ એપ્રુવ થયાની તારીખ<br>● જો માલ ૬ મહિનાની અંદર પાછો આવે તો ટેક્ષ ન લાગે,<br>● ૬ માસ બાદ ટેક્ષ લાગશે. |
| ટુંકમાં ઉપર A to D માં જણાવ્યા પ્રમાણે જે પહેલા હશે તે માલ/સપ્લાયની તારીખ ગણાશે. | |

## (૧૦) રજીસ્ટ્રેશન (નોંધણી) ની જોગવાઈઓ :

| | |
|---|---|
| (A) રજીસ્ટ્રેશન માટેની નક્કી કરેલ સપ્લાયના ટર્નઓવરની મર્યાદા | ● ૨૦ લાખ નોર્મલ કેટેગરી,<br>● ૧૦ લાખ પૂર્વના રાજયોજેવા કે - આસામ-મેઘાલય-અરૂણાચલ-મણીપુર-ત્રીપુરા-મિઝોરમ-નાગાલેન્ડ અને સિક્કીમ માટે) |
| (B) ફરજીયાત રજીસ્ટ્રેશનઃ અમુક વ્યક્તિને ફરજીયાત રજીસ્ટ્રેશન કરવું પડશે | ● આંતરરાજ્ય ટેક્સેબલ સપ્લાય કરનાર<br>● પ્રાસંગીક (Casual) ટેક્સેબલ સપ્લાય કરનાર<br>● જે લોકો રીવર્સ ચાર્જ હેઠળ વેરો ભરવા જવાબદાર હોય<br>● નોન રેસીડેન્ટ ટેક્સેબલ વ્યક્તિ<br>● જે લોકો GST TDS માટે જવાબદાર હોય<br>● જે લોકો એજન્ટ તરીકે કામ કરવાના છે<br>● ઈ-કોમર્સ ઓપરેટર દ્વારા માલ/સેવા સપ્લાય કરનાર વ્યક્તિ<br>● ઈકોમર્સ ઓપરેટર્સ<br>● ઈન્પુટ સર્વિસ ડીસ્ટ્રીબ્યુટર્સ<br>● કેન્દ્ર/રાજ્ય જે વ્યક્તિને નોટીફાય કરે તે વ્યક્તિઓ |
| (C) ધંધાની જગ્યા | જે રાજ્યમાંથી કરપાત્ર માલનો સપ્લાય /સર્વિસ થાય તે રાજ્યમાંથી રજીસ્ટ્રેશન લેવાનું રહેશે. |
| (D) હાલમાં જે વ્યક્તિ વેટ અથવા સર્વિસ ટેક્ષ અથવા સેન્ટ્રલ એકસાઈઝ હેઠળ નંબર ધરાવતી હોય તેને પણ GST હેઠળ નવેસરથી નોંધણી કરાવવી પડશે. | |
| (E) જે વ્યક્તિ અલગઅલગ રાજ્યમાં ધંધો/વ્યવસાય કરતી હોય, તેને દરેક રાજ્યમાં અલગ અલગ નંબર લેવા પડશે. | |
| (F) જે વ્યક્તિનું ટર્નઓવર GSTમાં નક્કી કરેલ ગુડઝ/સર્વિસની ટર્નઓવની મર્યાદા કરતા ઓછી હશે તો રજીસ્ટ્રેશનની જરૂરીયાત રહેશે નહી. આમ છતાં તેઓ ઈચ્છે તો મરજીયાત રજીસ્ટ્રેશનની જોગવાઈ મુજબ રજીસ્ટ્રેશન લઈ શકશે. | |

**(૧૧) નોંધણી નંબર ને લગતી અન્ય વિગતો :**

- SGST અને CGST એટલે કે બંને નંબર લેવા પડશે.
- આંતરરાજ્ય સપ્લાય કરતાં હોય તો IGST નંબર પણ લેવો પડશે.
- જો અલગ અલગ રાજ્યોમાં ધંધો/વ્યવસાય કરતા હો તો દરેક રાજ્ય માટે અલગ અલગ નોંધણી નંબર મેળવવાનાં રહેશે.
- જે તારીખે વ્યક્તિ નોંધણી મેળવવા માટે જવાબદાર હોય તે તારીખથી ૩૦ દિવસમાં તે વ્યક્તિએ અરજી કરવાની રહેશે.
- નોન રેસીડન્ટ કરપાત્ર વ્યક્તિ સિવાયના કેસોમાં નોંધણી નંબર મેળવવા PAN No. હોવો ફરજીયાત છે.
- કોઈ વ્યક્તિને કોઈ રાજ્યમાં એક થી વધુ બીઝનેશ ડિવીઝન (vertical Segment) હોય તો દરેક ડિવીઝન માટે અલગ નોંધણી નંબર મેળવી શકશે. આ સવલત મરજીયાત છે.
- નોંધણી નંબર ૧૫ આંકડાનો હશે.
  - પ્રથમ બે આંકડાએ જે તે રાજ્યને નિર્દિષ્ટ કરશે.
  - ૩ થી ૧૨ નંબરના આંકડા PAN નંબરના હશે.
  - ૧૩મો આંકડો રાજ્યમાં તેના કેટલા નંબર છે તે દર્શાવશે.
  - ૧૪મો આંકડો ખાલી હશે.
  - અને છેલ્લો એટલે કે ૧૫મો આંકડો નંબર એ તે વ્યક્તિને ઓળખાવતો આંકડો રહેશે.
- નોંધણી નંબરની અરજી કર્યાની તારીખથી જવાબદાર અધિકારી દ્વારા દસ્તાવેજમાં જો કોઈ ખામી હોય અને જો તે ખામીની કામકાજના ત્રણ દિવસમાં જાણ નહીં કરવામાં આવે તો નોંધણી નંબર આપી દેવામાં આવ્યો છે તેમ માની લેવામાં આવશે.

**(૧૨) હાલમાં નંબર ધરાવતા વ્યક્તિના GST રજીસ્ટ્રેશન (Migration) બાબત :**

હાલમાં કોઈપણ કાયદા હેઠળ નોંધોયેલ વ્યક્તિને સૌ પ્રથમ કામચલાઉ રજીસ્ટ્રેશન (Provisional Enrolment) માટે અરજી કરવાની છે. અરજી કરનારને કામ ચલાઉ નંબર આપવમાં આવે છે, જે GST કાયદો આવ્યા પછી ત્રણ મહિના સુધી ચાલશે. ત્યા સુધીમાં વ્યક્તિએ રજીસ્ટ્રેશનનું ઓનલાઈન ફોર્મ ભરીને તથા જરૂરી દસ્તાવેજો સાથે ફાઈનલ GST નંબર માટે અરજી કરી નાખવાની રહેશે.

**(૧૩) માલ કે સેવા પર ટેક્સ અંગે :**

- સામાન્ય સંજોગોમાં બીલમાં જણાવેલ રકમ પર ટેક્ષ લાગશે.

- આ ઉપરાંત જે રકમનો સમાવેશ વ્યક્તિએ કિંમતમાં કરેલ નથી અને માલ લેનાર પાસેથી રકમ વસૂલ કરેલ નથી તો તેવી રકમ ઉપર પણ ટેક્ષ ભરવાનો રહેશે.
- કોઈને મફત માલ આપવામાં આવ્યો હોય કે ઘટાડેલ કિંમતે પણ આપેલ હોય તો પણ તે માલની મૂળ કિંમત ઉપર જ વેરો ભરવો પડશે.
- રોયલ્ટી અને લાયસન્સ ફી ઉપર પણ વેરા ભરવાનો થશે.
- ઈત્તર ખર્ચાઓ જેવા કે પેકીંગ, ટ્રાન્સપોર્ટ, રોયલ્ટી, કમીશન જેવા ખર્ચાનો માલની કિંમતમાં સમાવેશ કર્યો હેશે તો તેના પર ટેક્ષ લાગશે.
- સબસીડીવાળા માલના સપ્લાય ઉપર સબસીડીની કિંમત સહીતની કિંમત ઉપર વેરો લાગશે.
- રીએમ્બર્સમેન્ટ (ખર્ચાઓ) : સપ્લાયરે કરેલા કોઈ પણ ખર્ચાઓનું રીએમ્બર્સમેન્ટ જ્યારે કરવામાં આવે તો તે રીએમ્બર્સમેન્ટની રકમ ઉપર વેરો લાગશે.
- સપ્લાય પછી પણ ડીસ્કાઉન્ટ આપેલ હોય એટલે કે બીલમાં તેનો સમાવેશ કરવામાં ન આવેલ હોય તો તેવો ડીસ્કાઉન્ટ બાદ નહીં મળે.
- વ્યક્તિએ ઓળખાણના કારણે ઓછી કિંમતે માલનું સ્પલાય / અથવા સેવા આપેલ હશે તો પણ મુળ કિંમત ઉપર વેરો ભરવાનો થશે.

## (૧૪) GSTના કાયદાઓ મુજબ ઈન્પુટ ટેક્ષ ક્રેડીટ (ITC) મજરે મળવા અંગે :

| ઈન્પુટ ક્રેડીટ | કોની સામે | મળશે કે નહીં? |
|---|---|---|
| કેન્દ્રીય જીએસટી ક્રેડીટ (CGST) | સેન્ટ્રલ જીએસટીની જવાબદારી<br>આઈ જીએસટીની જવાબદારી<br>સ્ટેટ જીએસટીની જવાબદારી | મળશે<br>મળશે<br>નહીં મળે |
| સ્ટેટ જીએસટી ક્રેડીટ (SGST) | સ્ટેટ જીએસટીની જવાબદારી<br>આઈ જીએસટીની જવાબદારી<br>સેન્ટ્રલ જીએસટીની જવાબદારી | મળશે<br>મળશે<br>નહીં મળે |
| આઈજીએસટી ક્રેડીટ (IGST) | આઈ જીએસટીની જવાબદારી<br>સીજીએસટીની જવાબદારી<br>એસજીએસટીની જવાબદારી | મળશે<br>મળશે<br>મળશે |

## (૧૫) ઈન્પુટ ટેક્ષ ક્રેડીટ (આઈ.ટી.સી.) કોને અને ક્યારે મળશે? :

- માલ/સેવા પ્રાપ્ત કરવાના સમયે જણાવેલ નિયમો અને શરતો આધીન મળવાપાત્ર રહેશે.

- મરજીયાત રજીસ્ટ્રેશન (Voluntary registration)) નંબર મેળવેલ હોય તેઓને.
- ૩૦ દિવસમાં સમયસર અરજી કરીને ફરજીયાત નોંધણી નંબર મેળવેલ હોય તો તેઓને.
- ઉચ્ચક વેરો (Lumpsum) ભરનાર કરપાત્ર વ્યક્તિ કાયદાની સામાન્ય જોગવાઈઓ મુજબ વેરો ભરવાને જવાબદાર થાય ત્યારબાદ.
- જો માલ/સેવાઓ અંશતઃ રીતે વેપારના કારણોસર અને આંશીક રીતે અન્ય કારણોસર ઉપયોગમાં લેવામાં આવે તો આવા કિસ્સામાં ફક્ત વેપારના કારણોસર જે માલ કે સેવાનો ઉપયોગ કરેલ હશે તેટલા પુરતી ક્રેડીટ મળવાપાત્ર થશે. અન્ય કારણો માટે નામંજુર થશે.
- આ સિવાય માલ/સેવાઓ અંશતઃ રીતે વેપારના કારણોસર અને આંશીક રીતે માફી સપ્લાય માટે કરવામાં આવે તો જેટલા માટે કરપાત્ર સપ્લાય કરેલ હશે તેટલા પુરતી જ ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ મળવાપાત્ર થશે. માફી સપ્લાય સામે મળી શકશે નહી.
- કરપાત્ર નોંધાયેલ વેપારી હોય અને તેના બંધારણમાં વેચાણ, ડીમર્જર, લીઝ કે ટ્રાન્સફર દ્વારા ફેરફાર થતો હોય કે જેમાં ચોક્કસ રીતે જવાબદારી પણ તબદીલ (ટ્રાન્સફર) થતી હોય તો વણ વપરાયેલ ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ જેને ધંધો ટ્રાન્સફર તબદીલ થયો તેને હસ્તાંતર કરી શકાશે.

**(૧૬) નહી મળવા પાત્ર ઇન્પુટ ટેક્સ ક્રેડીટ :**

- મોટર વાહન પર ભરેલા ટેક્સની ક્રેડીટ મળશે નહી, સિવાય કે, કરપાત્ર વ્યક્તિ મોટર વાહનનો વેપાર કરતી હોય કે, માલ સામાનની હેરફેર કરવામાં ઉપયોગ કરતી હોય અથવા વ્યક્તિ વાહન ચલાવવાનું શીખવવાનો સેવાનો ધંધો કરતી હાયે તો તેવી વ્યક્તિને ક્રેડીટ મળશે
- કેટરીંગ, ખાણી-પીણી, કલબની મેમ્બરશીપ, વિમો (આરોગ્યનો) ટ્રાવેલ બેનીફીટ, આરોગ્ય, બ્યુટી ટ્રીટમેન્ટ, પ્લાસ્ટીક સર્જરી વિ. પ્રકારના ખર્ચાઓ પર લાગેલ ટેક્ષ મજરે નહી મળે.
- ઉચ્ચક વેરો (Composition) ભરતા વેપારી પાસેથી કરવામાં આવેલ ખરીદી ઉપર
- કેપીટલ ગુડઝ પર લાગેલા કર ઉપર ઈન્કમટેક્ષ કાયદા હેઠળ જો ઘસારો બાદ લીધેલ હશે તો તે ટેક્ષની ક્રેડીટ નહીં મળે.
- માલ/સેવાઓનો પર્સનલ ઉપયોગ કરવામાં આવેલ હોય તો
- સ્થાવર મિલકત બનાવવા માટે લીધેલ માલ કે સેવા કે જેમા માલિકી તબદીલી ન થઈ હોય તો તેવા માલ પર ભરેલ ટેક્ષ. (જો કે પ્લાન્ટ અને મશીનરી પર ભરેલ ટેક્ષ બાદ મળશે).
- કોઈ પણ કરપાત્ર વ્યક્તિએ માલ/સેવા ઉપર જે તે સમયે ચુકવેલ ઈન્પુટ ટેક્ષ ક્રેડીટ મેળવી લીધા બાદ તે ઉચ્ચક વેરાનો (Composition) વિકલ્પ સ્વીકારે તો જેટલો

માલ / અર્ધ ઉત્પાદીત માલ સ્ટોકમાં હોય તેના પર જમાં મળવા પાત્ર ઇન્પુટ ક્રેડીટ હોય તો તેમાંથી બાદ કરવાની રહેશે અન્યથા રોકડમાં ભરવી પડશે.

- કોઈ પણ કેપીટલ ગુડ્ઝ ઉપર ITC મેળવી લીધા બાદ ભવિષ્યમાં તેનો સપ્લાય કે વેચાણ કરવામાં આવે તો નક્કી કરેલ ટકાવારીમાં જે તે સમયે મેળવેલ ITC માં ઘટાડો કરીને તે પછી થી વધતી બાકીની રકમ અથવા કેપીટલ ગુડ્ઝ (સ્થાવર) ના સપ્લાય ની કિંમત ઉપરનો વેરો એ બેમાંથી જે વધુ હોય તે રકમ ભરવાની રહેશે.
- એડવાન્સ પેમેન્ટ સાથે ચુકવેલ માલ અથવા સેવા પ્રાપ્ત કર્યા પછી જ બાદ લઈ શકાશે.
- જે વર્ષનું બીલ હોય તે વર્ષ પુરૂં થયા બાદના સપ્ટેમ્બર માસના પત્રક કે તે વર્ષનું વાર્ષિક પત્રક ભર્યાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે પછી ઇનપુટ ટેક્ષ ક્રેડીટ ITC રહી ગઈ હોય તો માંગી શકાશે નહી.

**(૧૭) ITC (ટેક્સ ક્રેડીટ) મેળવવાની શરતો શું રહેશે :**

- સો પ્રથમ વેપારી પાસે માલ/સેવાઓ ઉપર ચૂકવેલ વેરાની ક્રેડીટને દાવો કરવા માટે પ્રથમ તેનું મૂળ બીલ / ડેબીટ નોટ હોવી જરૂરી છે.
- આ ઉપરાંત વેપારીને તે માલ/સેવાઓ મળેલી હોવી જોઈએ. એટલે કે, ખરેખર માલ/ સેવા મળેલ હોવી જોઈએ.
- ટેક્ષ ક્રેડીટનો દાવો કરનાર વેપારીએ તેના પત્રકો ભરેલ હોવા જોઈએ. એટલે કે ટેક્ષ ક્રેડીટ બાદ લેનારે પોતે પોતાના પત્રકો ભરેલ હોવા જોઈએ.
- જે વ્યક્તિ પાસેથી માલ/સેવાઓ મળેલ હોય તે વ્યક્તિ એટલે કે વેચનારે તે ટેક્ષ તેને મળવાપાત્ર ઇન્પુટ ટેક્ષ ક્રેડીટ સરભર કર્યા બાદ જમા કરેલ હોવો જોઈએ.
- જો બીલની સામે માલ કટકે કટકે આવેલ હોય તો માલનો છેલ્લો કટકો મળ્યા પછી જ બીલમાં દર્શાવલ ટેક્ષની રકમ બાદ મળશે.

**(૧૮) તૈયાર/અર્ધ તૈયાર માલની (ક્લોઝીંગ સ્ટોક) ની ટેક્સની રકમ કેવી રીતે મળશે.**

ક્લોઝીંગ  સ્ટોકની ક્રેડીટ નીચે રીતે મળશે.

| કઈ વ્યક્તિને મળશે | ક્યારે મળશે |
|---|---|
| ટર્નઓવરની મર્યાદા ઓળંગ્યાના ૩૦ દિવસની અંદર અરજી હોય તો. | તે વ્યક્તિને ટર્નઓવરની મર્યાદા ઓળંગ્યાના દિવસથી ટેક્ષ મજરે મળશે જો કે સ્ટોકમાં રહેલ કેપીટલ એસેટ પર નહીં મળે. |
| સ્વૈચ્છીક (મરજીયાત) રજીસ્ટ્રેશન નંબર મેળવેલ હોય તો. | તો તેને રજીસ્ટ્રેશનની તારીખથી મળવાપાત્ર થશે. જો કે સ્ટોકમાં રહેલ કેપીટલ એસેટ પર નહીં મળે. |

| | |
|---|---|
| કરપાત્ર વ્યક્તિ રજીસ્ટર થયેલ હોય અને કંપોઝીશન (Lumpsum) સ્કીમ માંથી બહાર નીકળી ગયેલ હોય ત્યારે. | તે કરપાત્ર વ્યક્તિ તે જ્યારથી નોર્મલ ટેક્ષ ભરવાપાત્ર થશે તે તારીખથી જ મળવાપાત્ર થશે. |

**(૧૯) ITC રીવર્સ ક્યારે થશે.**

| પરિસ્થિતી | કયા સંજોગોમાં ITC રીવર્સકરવાની હોય |
|---|---|
| ITC અંશતઃ ધંધા માટે વાપરેલ હોય અન અંશતઃ કોઈ બીજા હેતુ માટે વાપરેલ હોય ત્યારે. | આ બન્ને સંજોગોમાં ધંધા માટે જેટલી ITC વાપરેલ હશે તેટલી જ મળશે, રીવર્સ કરવાની રહેશે. બીજા હેતુ માટેની રીવર્સ કરવાની થશે. |
| ધંધામાં અંશતઃ ITC કરપાત્ર સપ્લાય માટે વાપરેલ હોય અને અંશતઃ નોન ટેક્ષેબલ માટે વાપરેલ હોય ત્યારે | આ કિસ્સા માટે ટેકસેબલ સપ્લાય/ગુડઝ પૂરતી મળવાપાત્ર થશે અને નોન ટેક્સેબલમાં વાપરેલની રીવર્સ કરવાની રહેશે. |

નોંધ : આ માટે જીરો (૦)-રેટેડ માલ હશે તો પણ તે ટેકસેબલ ગણાશે, પરંતુ તેમાં એકઝમટેડ માલ હશે તો નહી ગણાય.

**(૨૦) ટ્રાનઝીશન સમય માટેની જોગવાઈઓ :**

➢ **જમા રહેતુ રીફંડ :**

- જુના કાયદાના છેલ્લા દિવસે રીટર્ન મુજબ બાકી રહેતી જમા રકમ અમુક શરતોને આધીન GSTમાં લઈ જવાની જોગવાઈ છે.
- વેટ અને એન્ટ્રી ટેક્ષનો આગળ ખેચેલ રીફંડનું સ્ટેટ GST તરીકે જમા મળશે.
- સર્વિસ ટેક્ષ તથા એકસાઈઝને લગતા આગળ ખેંચેલા રીફંડ સેન્ટ્રલ GST તરીકે જમા મળશે.

➢ **કેપીટલ ગુડસની બાકી રહેતી સેન્વેટ ક્રેડીટ :**

- હાલના આબકારી કાયદા મુજબ કેપીટલ ગુડસની ખરીદી પરની જકાત (એકસાઈઝ ડયુટી) ખરીદીની વર્ષે ૫૦% મળે છે અને બાકીની ૫૦% તે પછીના નાણાકીય વર્ષમાં મળે છે.
- આવી પછીના વર્ષમાં બાદ મળનારી ૫૦% જકાત, અમુક શરતોને આધિન, GSTનો કાયદો અમલમાં આવતા જમા મળશે.
- કૃષી કલ્યાણ શેષ અને ઉચ્ચ ભણતરનો શેષ, નવા GST કાયદા હેઠળ જમા નહી મળે.

➢ **કાચા માલ, વર્ક ઈન પ્રોશેસ, પાકા માલમાં રહેલ જકાત બાબત :**

- કાચા માલ, વર્ક ઈન પ્રોશેસ તથા પાકા, માલમાં રહેલ જકાત અમુક શરતોને આધિન GST કાયદા હેઠળ જમા મળશે. આવી સવલત જે જુના કાયદા હેઠળ નંબર ન ધરાવતી હોય કે માફી પાત્ર ગુડસનું ઉત્પાદન કરતા હોય કે માફી પાત્ર સેવા આપતા હોય, નિર્દિષ્ટ વર્કસ કોન્ટ્રેકટર, આબકારી જકાતના કાયદા હેઠળ પ્રથમ કે દ્વીતીય સ્ટેજના વેપારી તરીકે નોંધાયેલ તથા રજીસ્ટર ઈમ્પોર્ટરને મળશે.

➢ **જોબ વર્કર પાસે રહેલ માલ બાબતઃ**

- જોબ વર્કર પાસે રહેલ કાચો માલ, વર્ક ઈન પ્રોશેશ વિગતની જાણ જવાબદાર અધિકારીને જાણ કરવાની રહેશે.
- આવી જાણ ઉત્પાદક અને જોબ વર્કર બન્નેએ કરવાની રહેશે.
- GSTનો કાયદો અમલમાં આવે ત્યારથી છ મહિનાની અંદર આ માલ જોબ વર્કર પાસેથી ઉત્પાદકને મળી જવો જરૂરી છે. યોગ્ય કારણ હોય તો આ સમયગાળો બે મહિના માટે વધારી શકાશે.
- જો આ સમયગાળમાં માલ ઉત્પાદકને પાછો નથી મળતો તે આ માલ ઉપર લઈ લીધેલ ઈન્પુટ ટેક્ષ ક્રેડીટ પાછી આપી દેવી પડશે.

**(૨૧) GST માં ઉચ્ચક વેરાની (Composition) શું જોગવાઈ છે :**

➢ કોઈપણ નોંધાયેલ કરપાત્ર વ્યક્તિનું ગત વાર્ષિક ટર્નઓવર ૫૦ લાખથી વધતુ ન હોય તો તેવી વ્યકિત અમુક શરતોને આધિન કોમ્પોજીશન સ્કીમ (ઉચ્ચક વેરો) નો લાભ લઈ શકે છે જે નીચે મુજબ છે.

અ) ઉત્પાદકને (SGST 1% અને CGST 1%મળીને) : 2%

બ) રેસ્ટોરન્ટ, કેટરર્સ, કેન્ટીન, ભોજનાલય વગેરે : 5%
(SGST 2.5% અને CGST 2.5% મળીને)

ક) રીટેલર (SGST 0.5% અને CGST 0.5% મળીને): 1%

➢ જો કે આ વિકલ્પ માટે પરવાનગી લેવી પડશે.

➢ જે વ્યક્તિને ઉચ્ચક વેરા (કમ્પોજીશન) ની પરમીશન મળ્યા પછી કોઈ શરતનું ઉલ્લઘન કર્યું હોય તો, કાયદા મુજબની ભરવાપાત્ર વેરાની રકમ ઉપરાંત વેરાની રકમ જેટલો દંડ ભરવા તે જવાબદાર રહેશે. દંડ કરતા પહેલા તે વ્યકિતને સાંભળવાની વ્યાજબી તક આપવામાં આવશે.

**(૨૨) પત્રકો રિટર્ન બાબત :**

➢ ઉચ્ચક વેરાનો (Composition Scheme) વિકલ્પ સ્વીકારનાર વ્યક્તિએ જે તે ત્રિમાસિક સમય પૂરા થયેથી ૧૮ દિવસમાં ત્રિમાસિક રીટર્ન ફાઈલ કરવાનું રહેશે.

- ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર **સિવાયની** વ્યક્તિઓએ જે તે મહિનો પૂરો થયાથી ૧૦ દિવસમાં પોતે કરેલ સપ્લાયને લગતા દરેક બીલની વિગતનું માહિતીનું પત્રક ભરવાનું રહેશે.
- ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર **સિવાયની** વ્યક્તિઓએ જે તે મહિનો પૂરો થયેથી ૧૫ દિવસમાં પોતે મેળવેલ માલ કે સેવાને લગતી દરેક બીલની વિગત અને મળેલ ક્રેડીટ અને ડેબીટ નોટસ ની માહિતીનું પત્રક ભરવાનું રહેશે.
- ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારનાર **સિવાયની** વ્યક્તિઓએ જે તે મહિનો પૂરો થયેથી ૨૦ દિવસમાં ટેક્ષ ભરીને માસિક પત્રક ભરવાનું રહેશે.
- વેરો ભર્યા વગરનું પત્રક કાયદેસરનું ગણાશે નહી.
- આગલા મહિનાનું પત્રક ભરવાનું બાકી રહી ગયું હશે તો પછીના મહિનાનું પત્રક ભરી શકાશે નહીં.
- કોઈક મહિનામાં ધંધો ન કર્યો હો તો પણ નોંધોયેલ વ્યક્તિઓએ પત્રક ફરજીયાત ભરવાનું રહેશે.
- પત્રક ભરી દીધા બાદ તેમાં કોઈ ભૂલ જણાય તો રીવાઇઝડ પત્રક ભરી શકાશેનહીં, પરંતુ ભુલની ખબર પડે તો તે પછીના રીટર્ન માં ભૂલ સુધારી શકાશે. જો કે વર્ષ પૂરૂ થયા પછીના સપ્ટેમ્બર માસનો બીજા ત્રિમાસિક રીટર્ન ભરવાની તારીખ અથવા વાર્ષિક પત્રક ભર્યાની તારીખ બેમાંથી જે વહેલું હોય તે પછી ભૂલ સુધારી શકાશે નહી.
- માસિક રીટર્ન ઉપરાંત એક વાર્ષિક પત્રક જે તે વર્ષ પૂરૂ થાય પછીના ૩૧ ડીસેમ્બર સુધીમાં ભરવાનું રહેશે.
- રીટર્ન મોડું ભરવા બદલ રોજના સો રૂપિયા લેખે ફરજિયાત પેનલ્ટી લાગશે.

## (૨૩) બીલ બનાવવાની જોગવાઈ

- નોંધાયેલ કરપાત્ર વ્યક્તિએઃ-

  કરપાત્ર માલ /કે સેવા સપ્લાય કરવા માટે ટેક્ષ ઈન્વોઇસ આપવાનુ રહેશે અને તેમાં માલ કે સેવાનું વર્ણન, માલનો જથ્થો, માલ કે સેવાની કિંમત, લગાવેલ વેરાની વિગત, HSN નંબર અને અન્ય નિર્ધારીત કરવામાં આવે તે માહિતી પણ આવા બિલોમાં સામેલ કરવાની રહેશે.
- નવા નોંધણી નંબર લીધેલ વ્યકિતએ નંબર આપ્યા પહેલા બીલ આપી દીધુ હોય તો નંબર આપ્યા પછી એક મહિનાની અંદર જુના બીલની બદલીમાં રીવાઈઝ (સુધારેલી) ટેક્સ ઈન્વોઈસ આપી દેવી પડશે.
- રૂા. ૨૦૦ સુધીની રકમ હોય તો ટેક્સ ઈન્વોઈસ બનાવવાની જરૂર રહેતી નથી.
- ટેક્સ ફ્રી સેવા કે વેચાણ હોય તો ટેક્સ ઈન્વોઈસ ને બદલે સાદુ બીલ આપી શકાશે.
- જો એડવાન્સમાં કોઈ રકમ મળે તો તેની રસીદ આપવી પડશે.

- જો રજીસ્ટર્ડ વ્યક્તિ નંબર વગરની વ્યક્તિ પાસેથી સેવા લે અથવા ખરીદી કરે તો રજીસ્ટર્ડ વ્યક્તિએ નંબર વગરના વેપારીને બીલ આપવું પડશે અને રકમ ચુકવવતી વખતે પેમેન્ટ વાઉચર પણ આપવું પડશે.
- માલ એપ્રુવલ માટે આપતી વખતે પણ બીલ બનાવવું પડશે.
- સપ્લાય કર્યા પછી વ્યક્તિએ ત્રીસ દિવસની અંદર બીલ બનાવી દેવું પડશે.
- આ ઉપરાંત ટેક્ષ ઈન્વોઈસમાં માલ અથવા સેવાની સામે HSN કોડ / SAC નંબર આપવા પડશે.
- જો આગલા વર્ષનું ટર્નઓવર ૧.૫ કરોડથી ઓછું હોય તો HSN કોડ નંબર લખવાનું ફરજિયાત નથી.
- જો આગલા વર્ષનું ટર્નઓવર ૧.૫ કરોડ થી ૫ કરોડની વચ્ચે હોય તો બે આંકડનના HSN કોડ નંબર આપવા પડશે.
- જો આગલા વર્ષનું ટર્નઓવર ૫ કરોડ થી વધારે હોય તો ચાર આંકડાના HSN કોડ નંબર આપવા પડશે.
- નિકાસ કરેલ માલના બિલમાં આઠ આંકડાના HSN કોડ નંબર આપવા પડશે.

**પ્રોવિઝનલ એસેસમેન્ટ (કામચલાઉ આકારણી)**

જો કરપાત્ર વ્યક્તિ

(૧) માલ/સેવાની કિંમત નક્કી કરવામાં અસમર્થ હોય અથવા

(૨) માલ/સેવાને લાગતો દર નક્કી ન કરી શકતો હોય તો, જવાબદાર અધિકારી આ બાબત પોતાની રીતે નક્કી કરી કામચલાઉ આકારણી આદેશ પસાર કરશે અને તે આદેશ મુજબ વ્યક્તિએ કર ભરવાનો રહેશે.

**(૨૪) વેરા પત્રક બાબત :**

- **વેરા પત્રક ચકાસણીઃ-**
  જવાબદાર અધિકારી કરપાત્ર વ્યક્તિએ ભરેલ પત્રકની યોગ્ય રીતે ચકાસણી કરશે અને જો કોઈ ક્ષતિ જણાશે તો તેવા મુદ્દાઓની નોટીસ આપી ચકાસણી/ મેળવણી કરી શકશે.

- **પત્રકો/પત્રક ભરવામાં નિષ્ફળ ગયેલ હોય તેવા કરપાત્ર વ્યક્તિની આકારણીઃ**
  પત્રક ભરવામાં નિષ્ફળ ગયેલ વ્યક્તિને જવાબદાર અધિકારી નોટીસ આપશે. આ નોટીસ મળ્યાની ૧૫ દિવસમાં પણ જો વ્યક્તિ પત્રક ન ભરે તો જવાબદાર અધિકારી પોતાની રીતે આકારણી આદેશ પસાર કરશે.

## (૨૫) આકારણી બાબત :

- **બીન નોંધાયેલ વ્યક્તિની આકારણી**

➢ ટેક્ષ ભરવાને જવાબદાર હોવા છતાં કોઈ વ્યક્તિ રજીસ્ટ્રેશન નંબર મેળવવામાં નિષ્ફળ ગયેલ હશે તો, જવાબદાર અધિકારી પોતાની રીતે આકારણી કરશે અને આકારણી આદેશ તે મુજબ પસાર થશે.

➢ જો કે વાર્ષિક પત્રક ફાઈલ કરવાની છેલ્લી તારીખથી પાંચ વર્ષની અંદર આકારણી કરી લેવી પડશે.

- **અમુક ખાસ કિસ્સામાં સમરી આકારણીઃ**

➢ જે કિસ્સામાં જવાબદાર અધિકારી પાસે માનવાને પૂરતા કારણો હોય કે કોઈ વ્યક્તિ એ પૂરતો ટેક્ષ નથી ભર્યો અને તેના પરિણામે સરકારી આવકને નુકશાન થવાની પુરી શકયતા છે તો તેવા વેપારીઓના કિસ્સામાં આવી કરપાત્ર વ્યક્તિની આકારણી પોતાની રીતે કરશે.

- **ટેક્ષ ઓથોરીટી દ્વારા ઓડીટ આકારણીઃ-**

➢ કેન્દ્રીય/રાજ્યના કોઈપણ કમિશ્નરશ્રી જે અધિકારીને આ કામગીરી માટે નિયુક્ત કરે તો તેવા અધિકારી આ કલમ હેઠળ આકારણી કરશે.

➢ કરપાત્ર વ્યક્તિનાં ધંધાની જગ્યાએ ધંધાકીય વ્યવહારોનું ઓડીટ કરશે.

➢ આવું ઓડીટ ૩ માસમાં શરતોને આધિન પૂર્ણ કરવાનું રહેશે. જરૂર જણાશે તો બીજા ૩ માસ સુધીની મુદત વધારી શકાશે, પરંતુ ૬ માસથી વધુ કોઈપણ સંજોગોમાં વધારી શકાશે નહી.

➢ આ ઓડીટ સમય દરમ્યાન જવાબદાર અધિકારી વિગતોની યોગ્ય રીતે ચકાસણી / મેળવણી કરી ઓડીટના પરિણામના મુદ્દાઓની (findings) ની જાણ કરપાત્ર વ્યક્તિને કરશે. જેવા કે, વેરો નથી ભર્યો અથવા ઓછો ભરેલ છે, ITC યોગ્ય રીતે લીધેલ નથી, રીફંડનો દાવો યોગ્ય રીતે નથી. વિ. પ્રકારના મુદ્દાઓ જાણ કરી કાર્યવાહી કરશે.

- **ખાસ ઓડીટ (સ્પેશ્યલ ઓડીટ) :**

➢ સ્ક્રુટીની, ઈન્કવાયરી, ઇન્વેસ્ટીગેશન કે અન્ય તબક્કે કે કોઈપણ પ્રકારની આ અંગેની કાર્યવાહી માટે નાયબ કમિશ્નર કે સહાયક કમિશ્નરથી નીચેની કક્ષાએથી નહીં તેવા અધિકારીઓ આ અંગે નક્કી કરશે કે સરકારના વેરાના હિતમાં અથવા તેઓને જણાશે કે કોઈ કરપાત્ર વ્યક્તિએ યોગ્ય રીતે વેલ્યુ ડીકલેર કરેલ નથી કે ક્રેડીટની યોગ્ય રીતે ગણતરી કે દાવો કરેલ નથી, તો તેવા કિસ્સામાં કમિશ્નરની પૂર્વ મંજૂરી લઈ કરપાત્ર વ્યક્તિને તે અંગેની યોગ્ય નોટીસ આપશે અને જવાબદાર અધિકારી દ્વારા નિયુક્ત કરેલ CA અથવા Cost Accountant પાસે હિસાબી ચોપડા ઓડીટ કરાવવા પડશે. આ ઓડિટ નિયમીત રીતે થતા ઓડીટ ઉપરાંતનું ઓડીટ હશે.

- આ રીતે નિમાયેલ CA અથવા Cost Accountant આ અંગેનો ચકાસણી રિપોર્ટ ૯૦ દિવસની અંદર પોતાની સહી સિક્કા કરી પ્રમાણપત્ર સાથે આપશે. જરૂર જણાશે તો આ કામ માટે બીજા ૯૦ દિવસને સમય વધારો અપાશે.

**(૨૬) પત્રકોની મેળવણી અંગે (Matching) :**

- માલ/સેવા સપ્લાય કરનાર દ્વારા જે તે માસ પૂરો થયેથી ૧૦ દિવસમાં પત્રક ભરીને પૂરી પાડેલ સપ્લાયની વિગતોની માલ કે સેવા પ્રાપ્ત કરનાર વ્યક્તિ દ્વારા જે તે માસ પૂરો થયેથી ૧૫ દિવસમાં પત્રક ભરીને આપવામાં આવેલ માહિતીની સાથે મેળવણી કરવામાં આવશે.

  ટૂંકમાં માલ સપ્લાય કરનારે ૧૦ દિવસમાં પત્રક ભરવાનું રહેશે.

  અને માલ/સર્વિસ ખરીદનાર કે પ્રાપ્ત કરનારે ૧૫ દિવસમાં પત્રક ભરવાનુ.

  આથી સપ્લાયરે જે સપ્લાય કરેલ છે તે બીલની મેળવણી કે વિગતો ૧૫ દિવસમાં જ્યારે માલ/સર્વિસ પ્રાપ્ત કરનાર પત્રક ભરશે ત્યારે આ બંન્નેની મેળવણી કરવાથી એકબીજાનાં સપ્લાય/સેવાનું ક્રોસ ટેલી પાંચ દિવસમાં થઈ જશે.

- આથી જો તે બંન્ને ક્રોસચેક એકબીજાના મળી જશે મતલબ મીસમેચ નહીં થાય તો તે મુજબ સેવાઓ પ્રાપ્ત કરનારને જણાવવામાં આવશે.

- પરંતુ જો એમ જણાશે કે માલ કે સેવા પ્રાપ્ત કરનારે માંગેલ ઇનપુટ ટેક્ષ ક્રેડીટ સપ્લાય કરનારની જવાબદારી કરતાં વધું છે તો આવી માહિતી બંન્ને પક્ષકારોને ઇલેક્ટ્રોનીકલ પદ્ધતીથી આપવામાં આવશે.

- માલ કે સેવા સપ્લાય કરનારે આઉટપુટ ટેક્ષ ઓછો ભર્યો હોય તો બાકી ટેક્ષ વ્યાજ સાથે રકમ ભરીને જવાબદારી પૂરી કરી શકાશે.

- આ રીતે માલ કે સેવા પ્રાપ્ત કરનારે ઈનપુટ ટેક્ષ વધારે લઈ લીધી હોય તો બાકી ટેક્ષ વ્યાજ સાથે તરત ભરી શકશે.

- GSTના કાયદામાં આ એક સરસ જોગવાઈ છે. આ પ્રકારે મેળવણી થવાથી પાંચ દિવસમાં ભુલચુક કે બોગસ વ્યવહાર પકડાઈ જશે.

**(૨૭) આ કાયદામાં વેરા પર વેરો લાગશે નહી.**

- હાલના કાયદા પ્રમાણે પહેલા એકસાઈઝની રકમ ઉમેરીને વેટ / સીએસટી લાગે છે. હવે આ કાયદાની સરસ જોગવાઈ મુજંબ SGST અને CGST બંન્ને સમાન કિંમત પર લાગશે. આમ વેરા ઉપર વેરો લાગશે નહી.

- હાલ એકસાઈઝ ડ્યુટી ફક્ત ઉત્પાદનના તબક્કે લાગે છે, વેટ વેચાણ વખતે લાગે છે, સર્વિસ ટેક્ષ સેવા આપતા લાગે છે, તેના બદલે GST સપ્લાયના તમામ તબક્કે લાગશે.

**(૨૮) જોબવર્ક (JOB WORK) :**

- માલના ઉત્પાદક જોબવર્ક માટે માલ જોબવર્કરને મોકલશે તો તેને સપ્લાય ગણવામાં આવશે નહીં. પરંતુ આ માટે જવાબદાર અધિકારીને ખાસ જાણ કરવી પડશે.
- આ રીતે ટેક્ષ વગર જોબવર્ક માટે મોકલેલ માલ જોબવર્ક પૂરૂં થઈ ગયા બાદ...

  A. પ્રીન્સીપાલે પોતાની કોઈપણ જગ્યાએ પાછો લાવવો પડશે.

  B. જો પ્રીન્સીપાલ જોબ વર્ક માટે મોકલેલ માલ જોબ વર્ક પત્યા પછી બારોબાર બીજી જગ્યાએ મોકલાવી દે તો પ્રીન્સીપાલે પહેલા જોબવર્કરની જગ્યાને તે વધારાની પોતાની ધંધાની જગ્યા તરીકે દર્શાવવી પડશે.

  હિસાબની જવાબદારી અને ટેક્ષ ભરવાની જવાબદારી હંમેશા આ પ્રકારના જોબવર્ક માટે પ્રિન્સીપાલની રહેશે.

- જોબવર્ક પર મોકલોવેલ માલ પર પ્રિન્સીપાલને ટેક્સ ક્રેડીટ મળશે, પરતું જોબવર્ક પુરુ કરાવીને એક વર્ષમાં જોબ વર્કર પાસેથી પરત મેળવી લેવું પડશે તથા કેપીટલ ગુડઝને આ રીતે જોબવર્ક માટે જોબવર્ક કરનારને મોકલેલ હશે તો આ કેપીટલ ગુડ્સ મોકલ્યા તારીખથી ત્રણ વર્ષની અંદર પરત લાવવાનું રહેશે.
- જો નિશ્ચિત સમય મર્યાદાની અંદર જોબ વર્કર પાસેથી માલ કે કેપીટલ ગુડઝ પાછા નહીં આવે તો જે દિવસે પ્રિન્સીપાલે જોબ વર્કરને માલ કેપીટલ ગુડઝ મોકલ્યો હશે એ દિવસે એ માલને પ્રિન્સીપાલ દ્વારા જોબવર્કરને સપ્લાય થયેલો ગણાશે અને ટેક્સ લાગશે.
- ખરીદ અને વેચાણ માટે કમીશન એજન્ટની નિમણુંક કરવામાં આવી હશે તેવા કેસમાં એજન્ટ અને પ્રિન્સીપાલ વચ્ચેના વ્યવહારને સપ્લાય ગણી લેવામાં આવશે.
- પછી ભલે એજન્ટ તેનું માર્જીન ચડાવ્યા વિનાજ તે વસ્તુ આપી દેશે તો પણ તેને સપ્લાય ગણી વેરો આકારવામાં આવશે.

**(૨૯) રીફંડ બાબત :**

- GST કાયદા કરવામાં આવેલ જોગવાઈ મુજબ :
- ફાઈનલ પ્રોડક્ટસ પરના GST ના દર કરતા તેને માટે જોઈતા કાચા માલ પરના દરો જો વધું હશે તો તેવા કિસ્સામાં રિફંડ મળવા પાત્ર થશે
- આ ઉપરાંત નિકાસ કરનારને તથા SEZ ને રીફંડ આપવામાં આવશે.
- આ ઉપરાંત ટેક્ષ વધુ ભરાઈ ગયો હશે તો રિફંડ મળશે.
- આ ત્રણ સિવાય અન્ય કોઈ સંજોગોમાં રિફંડ મળશે નહી.

- જો વ્યક્તિએ સપ્લાયને રાજ્યની અંદરના કરેલા વ્યવહારો ગણીને તેને ગણતરીમાં લેવામાં આવેલ હોય અને તેના ઉપર SGST અને CGST જમાં કરાવ્યો હોય (ભર્યો હોય) પરંતુ સમયાંતરે અથવા સમય જતાં તે વ્યવહારને ઇન્ટરસ્ટેટ ટ્રાન્જેક્શનની

કક્ષામાં મુકવામાં આવે તો તેવા સંજોગોમાં વ્યક્તિને SGST અને CGST બંન્નેનું રીફંડ મળવાપાત્ર બને છે. પરંતુ તે કરપાત્ર વ્યક્તિ IGST જમા કરાવે તે પછીજ તેમને SGST અને CGSTનું રીફંડ આપવામાં આવશે.

- નિકાસકારને રિટર્ન (વેરા પત્રક) ફાઈલ કર્યાના એક અઠવાડિયાની અંદર ૯૦% રિફંડ આપી દેવામાં આવશે.

**(૩૦) સામેની વ્યક્તિ પત્રક ફાઈલ ન કરે તો.**

સામાન્ય રીતે એક વેપારી (કરપાત્ર વ્યક્તિ) અનેક વેપારીને વેચાણ કરતાં હોય છે અથવા સેવા આપતા હોય છે અને ખરીદનાર અથવા સેવા લેનાર વ્યક્તિ તેની ટેક્ષ ક્રેડીટ મજરે લેતા હોય છે. હવે GST કાયદામાં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જો વેચનાર કે સેવા આપનાર વ્યક્તિ રીટર્ન ફાઈલ નહીં કરે તો તેના સાથે સંકળાયેલ અનેક વ્યક્તિઓની ટેક્ષ ક્રેડીટ અટવાઈ જશે. કારણકે ખરીદનાર વ્યક્તિના ખાતામાં ઈન્પુટ ક્રેડીટની વિગતો રીફલેક્ટ નહીં થાય પરિણામે ITC અટકી પડશે. પરિણામે ખરીદ કરનાર કે સેવા લેનાર વ્યક્તિ જાગૃત નહીં હોય તો દંડાઈ જવાની પૂરી શક્યતા છે.

**(૩૧) ટેક્સ ભરવાની અને ITC મજરે લેવાની પધ્ધતિ :**

- ટેક્ષની રૂા. ૧૦,૦૦૦ કે તેથી ઓછી રકમ વ્યક્તિ ચેક અથવા રોકડા જમા કરાવીને અથવા ડીમાન્ડ ડ્રાફટથી કરી શકશે. આનાથી વધારે રકમ ઈન્ટરનેટથી ડેબીટ કાર્ડ અથવા ક્રેડીટ કાર્ડથી કરી શકશે.

- આવી રીતે ભરેલ ઉપરોક્ત રકમ વ્યક્તિના ઈલેક્ટ્રોનીક કેશ લેજરમાં જમા થશે, જેનો ઉપયોગ ટેક્ષ, વ્યાજ, દંડ અથવા ફી ભરી કરી શકશે.

- ઈન્પુટ ક્રેડીટની રકમ ઈલેક્ટ્રોનીક ક્રેડીટ લેજરમાં જમા થશે, જેનો ઉપયોગ ફક્ત આઉટપુટ ટેક્ષ ભરવા માટે જ થઈ શકશે.

**(૩૨) નવી સ્ટાર (Star) પદ્ધતી આવશે.**

- જાણવા મળ્યા મુજબ કોમ્પ્યુટર દ્વારા એક એવું સોફ્ટવેર તૈયાર કરવમાં આવશે જેમાં વેપારી, વ્યક્તિઓ/સપ્લાયર ને તે આપોઆપ જે તે સ્ટાર સીસ્ટમમાં મુકી દેશે એટલે કે, દરેક વ્યક્તિ/સપ્લાયરને સ્ટાર મળશે અને તે દરેકના સ્ક્રીન ઉપર દેખાશે કે કયા વ્યક્તિ / સપ્લાયર કયો સ્ટાર જે તે સમયે ધરાવે છે.

  દા.ત. 1 Star, 2 Star, 3 Star, 4 Star, 5 Star

- આ રીતે ૧ થી ૫ સ્ટારની કેટેગરી કોમ્પ્યુટર નક્કી કરશે. જેમા ફાઈવસ્ટાર વ્યક્તિ દરેક રીતે રેગ્યુલર વ્યક્તિ ગણાશે કે જે તમામ પત્રકો રેગ્યુલ ભરતાં હશે, અને તમામ વેરો સમયસર ભરતા હશે.

- જ્યારે સૌથી નીચેની કેટેગરી ૧ Star ની રહેશે જે દરેક રીતે ડીફોલ્ટર, અનિયમિત હશે. માટે આવી વ્યક્તિ ટેક્ષ નહીં ભરતી હોય અને રીટર્ન ફાઈલ નહી કરતી હોય. આથી અન્ય વ્યક્તિ/સપ્લાયર On Line જોઈ નક્કી કરી શકશે કે આવી ૧ Star વ્યક્તિ સાથે ધંધો કરવા કે નહીં.

## (૩૩) દંડ (પેનલ્ટી)

અલગ અલગ જાતની જરા સરખી ભૂલો માટે પણ કલમ ૧૨૨માં પેનલ્ટીઓની જોગવાઈ કરવામાં આવી છે જે સખત છે.

## (૩૪) અંતમાં

ઉપરોક્ત સંકલન હાલના ઉપલબ્ધ GST કાયદાના આધારે, અન્ય નિષ્ણાંતોના મંતવ્યો ઊંઘ્દ્મ સાહિત્યના આધારે સરળ ભાષામાં સમજાય તે હેતુસર ગુજરાતીમાં તૈયાર કરેલ છે. આને ક્યાંય કાયદાનો આધાર લઈ શકાય નહી. હવે જ્યારે SGST, CGST અને IGST ના સંપૂર્ણ કાયદા નિયમો સહિત આવી જશે ત્યારે જ આખરી ચિત્ર સ્પષ્ટ થશે. હાલમાં કાયદાની જોગવાઈઓ, આકારણી-પત્રક, ચકાસણી, સપ્લાય, ઈન્પુટ ક્રેડીટ વગેરે. બાબતે સાદી સમજ આપવા પ્રયત્ન કર્યો છે.

••••••••